ગુજરાત રાજ્યની બિન સરકારી માધ્યમિક
અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન
ભાડા, ઈતર ખર્ચના વિકલ્પે ફી લેવા માટે
વિકલ્પ આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૧૯૯-૭૪૧-(૪)-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨-૭-૧૯૯૯

સંદર્ભ : ૧. શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૦-૮૯ના ઠરાવ નં. બમશ-૧૧૮૯-મ-૪૭૨-૯૬-ગ
૨. શિક્ષણ વિભાગના તા.૩૦-૬-૯૯ના ઠરાવ નં. બમશ-૧૧૯૯-૭૪૧-(૧)-ગ

ઠ રા વ

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ- (૧)માં જણાવેલ ઠરાવ અન્વયે રાજ્યમાં આવેલ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને હાલમાં સહાયક અનુદાન આપવામાં આવે છે તેમાં મકાન ભાડુ અને ઈતર ખર્ચ માટે પણ અનુદાન આપવામાં આવે છે, જેના ખર્ચનુ ઓડિટ કરાવવાનું ફરજીયાત હોય છે, જે અન્વયે ઓડિટની લાંબી પ્રક્રિયા અને બીજા વહીવટી પ્રશ્નો ઉપસ્થિત થતા હોવાથી ઉપર સંદર્ભ- ૨ અન્વયે નવી શરુ થતી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મકાન ભાડુ અને ઈતર ખર્ચના વિકલ્પે પ્રવેશ ફી, સત્ર ફી વગેરે લેવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ ચાલુ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમને મળતા મકાન ભાડુ અને ઈતર ખર્ચની ગ્રાન્ટના વિકલ્પે નીચે જણાવેલ ફી લઈ શકે તે માટે તેઓને વિકલ્પ આપવાનુ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | ધોરણ-૮ | ધોરણ-૯ | ધોરણ-૧૦ | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧. | નિભાવ ફી (માસિક) | ૩૫ | ૪૦ | ૪૫ | ૫૦ | ૬૦ |
| ૨. | પ્રયોગશાળા ફી સત્રદીઠ (વિજ્ઞાન પ્રવાહ) | - | - | - | ૪૦ | ૫૦ |

આ અંગેનો વિકલ્પ ચાલુ ગ્રાન્ટવાળી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ આ ઠરાવ બહાર પડયાની તારીખથી ત્રણ મહિનામાં જે તે સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવાનો રહેશે. ત્યાર બાદ નવુ નાણાંકિય વર્ષ શરુ થાય તેના બે માસ પહેલાં વિકલ્પ આપવાનો રહેશે.આ માટે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આ ઠરાવના પરિશિષ્ટ-૨ માં દર્શાવ્યા પ્રમાણે ઈતર ખર્ચ કરી શકશે. જે ઈતર ખર્ચ અને મકાન ભાડુ અથવા મકાનના નિભાવ ખર્ચનુ ઓડિટ કરવાનુ રહેશે નહીં. આ અંગે જણાવેલ સમય મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને વિકલ્પ આપવામાં નહીં આવે તો શાળા તેની ચાલુ ગ્રાન્ટની નીતિ ચાલુ રાખવા માગે છે તે માની લેવામાં આવશે. આ બાબતમાં આપવામાં આવેલ વિકલ્પ એક વખતનો અને આખરી ગણાશે, તેમાં પછીથી કોઇ ફેરફાર માન્ય રાખવામાં આવશે

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૩-૬-૯૯ની નોંધ અન્વયે મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ: પરિશિષ્ટ-૨

બી.કે.ભટ્ટ,
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
૨. માન. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલા રોડ, અમદાવાદ (પત્રથી)
૩. માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. માનનીય મંત્રીશ્રી(પ્રા. અને મા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૫. માનનીય રા.ક. મંત્રીશ્રી ( પ્રા. અને મા. શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
૬. માનનીય રા. ક. મંત્રીશ્રી (ઉ.અને ટે. શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૭. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર / વડોદરા
૮. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૯. બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
૧૦. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ-રાજકોટ
૧૧. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૨. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર-અમદાવાદ
૧૩. નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ઉચ્ચ માધ્યમિક શિક્ષણ પંચ, અમદાવાદ
૧૬. સબંધિત સરકારમાન્ય સંઘો (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
૧૭. ડી.એસ.ઓ. ફાઈલ
૧૮. સીલેક્ટ ફાઈલ-ગ શાખા